સી.એમ. પટેલ કોલેજ ઓફ ફીઝીયોથેરાપીના પ્રાધ્યાપક દ્વારા

# ઈન્ટરનેશનલ વેબ ફિઝિયો સમીટ-૨૦૨૦માં વ્યાખ્યાન







ગાંધીનગર, તા. ૧

સી.એમ. પટેલ કૉલેજ ઓફ ફિઝિયોથેરાપી કૉલેજના પ્રાધ્યાપક પ્રો. ડૉ. પાર્થ ત્રિવેદીએ 'પહેલી ઈન્ટરનેશનલ વેબ ફિઝિયો સમીટ-૨૦૨૦' માં વ્યાખ્યાન આપ્યું હતું.

'વરચ્યુઅલ રિહેબિલિટેશન ઈન આઈસીયુ' વિષય પર ડૉ. પ્રાર્થ ત્રિવેદીએ જણાવ્યું હતું કે આઈસીયુમાં દર્દીની હાલત ગંભીર હોય છે. આઈસીયુમાં થતા મશીનના અવાજ, આજુબાજુના દર્દીઓના અવાજ વગેરેના કારણે દર્દીને માનસિક તણાવ પેદા થાય છે. આ તણાવમાંથી દર્દીને બહાર કાઢવા માટે વર્ચ્યુઅલ ગેમ તથા વર્ચ્યુઅલ રિહેબિલિટેશન દ્વારા તેનો મદદરુપ થઈ શકાય છે. તેના વિશે તેમને ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી.

આ ફિઝિયો સમીટમાં ૨૫૦ થી પણ વધારે લોકોએ ભાગ લીધો હતો. તેમાં કેનેડા, સ્પેન, મલેશિયા, અમેરિકા વગેરે દેશોના રિસોર્સ પર્સનએ પણ પોતાની સેવાઓ આપી હતી.

## ચાલો આપણે પણ પક્ષીઓની તરસ છીપાવવા પરબ ભરીએ

ગાંધીનગર,તા. ૧

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ એક દશકની નગરમાં વસતા પક્ષીઓની તરફ છીપાવવા પક્ષી પરબ મુકવામાં આવે છે. અનો અત્યાર સુધીમાં ૧૮૦૦૦ પક્ષી પરબો મુકી પક્ષીઓની તરસ છીપાવી છે, તેમાં નગરજનોનનો પણ સિંહ ફાળો રહ્યો છે.

આ સેવામાં સેકટર-૪માં શશીકાંત મોઢા, સેકટર-૫માં નિલેન્દુ વોરા, જયેશભાઈ ધ્રુવ, ચેતના બુચ, કિશોર જીકાદરા, તથા નિસર્ગ બુચ સહિત અનેક સ્વજનોએ સેવા સેતુ બાંધ્યો છે. જેમાં શશીકાંત મોઢા, પ્રદિપ સોલંકી તથા ભાનુભાઈ દવેએ સંકલન કરી નવા જૂના સેકટરો ગુડા વિસ્તારમાં વ્યવસ્થા ગોઠવી છે.

હજી પણ પક્ષી પરબ મુકી સેવામાં જોડાવા ઈચ્છુકો માટે મહામંડળ દ્વારા તા. ૦૭-૦૬-૨૦૨૦ ના રોજ સવારે ૯ થી ૧૦ દરમિયાન પંચદેવ મંદિર બહાર વિના મૂલ્યે પક્ષી પરબનું જાહેર વિતરણનો લાભ લેવા તથા આ સેવામાં સહયોગી બનવા અરુણ બુચ, શશીકાંત મોઢા તથા પ્રદિપ સોલંકી નગરજનોને જણાવે છે.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં પદ્ધતિસર હાથ ધોવાની તાલીમ અપાઈ





ચિલોડા, તા. ૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં સંકુલના પ્રાંગણમાં કોરોના વાયરસ સંક્રમણથી બચવા માટે અને અગમચેતીના ભાગરૂપે પદ્ધતિસર હાથ ધોવાની તાલીમનું આયોજન સંયોજક રમેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ. દરરોજ આઠથી દસ વખત ૨૦ સેકન્ડ સુધી સાબુથી હાથ ધોવાના વિવિધ સ્ટેપ જેવા કે આંગળીઓના નખ, આંગળીના ટેરવાં, આંગળીઓ અને વચ્ચેનો ભાગ, અંગૂઠો અને વચ્ચેનો ભાગ, હથેળી વચ્ચેની જગ્યા અને કાંડાથી હાથ સુધીના ભાગને ધોવા માટેની પ્રત્યક્ષ પ્રાયોગિક કાર્ય આરોગ્ય કેન્દ્રના તબિબિ અધિકારી ડૉ. નયનેશ વસાવા દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં બિનશૈક્ષણિક સેવકો અને સલામતી સેવકો ઉપસ્થિત રહ્યા હતા. સિનિયર સેવક બળદેવભાઈ રાઠોડે સમગ્ર કાર્યક્રમનું આભાર દર્શન કરતાં જણાવ્યું કે સજાગ રહો, સુરક્ષિત રહો અને કોરોના મહામારીને હરાવો.

# કોવિડ-૧૯ મહામારી પગલે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન પદવીદાનનો નવતર પ્રયોગ

ગાંધીનગર,તા. ૧

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી એ ગુજરાત સરકાર શ્રી દ્વારા વર્ષ ૨૦૧૧ ના અધિનિયમ ક્રમાંક ૨૨ મુજબ સ્થાપના કરવામાં આવેલ. આ યુનિવર્સિટી એ શારીરિક શિક્ષણ અને રમત ગમત વિજ્ઞાન ક્ષેત્રની વિવિધ વિદ્યાશાખાઓ જેવી કે, શારીરિક શિક્ષણ, એડવાન્સ ટ્રેનીંગ એન્ડ કોચિંગ, સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ જર્નાલીઝમ, એડવેન્ચર સ્પોર્ટસ તથા સ્પોર્ટસ સાયન્સ જેવા વિષયોમાં સ્નાતક, અનુસ્નાતક, એમ.ફિલ તથા પી.એચ.ડી. જેવાં અભ્યાસક્રમો ચલાવે છે.

ચાલુ વર્ષે યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ માર્ચ મહિનામાં આયોજિત થયેલ પરંતુ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના પગલે સમગ્ર દેશમાં લોક ડાઉનની પરિસ્થિતિ ઉદ્ભવતા આ સમારોહ હવે દિ.૦૪/૦૬/૨૦૨૦, ગુરુવારના રોજ રાજ્યમાં સૌપ્રથમ વખત ઈન્ટરનેટ તથા સોશિયલ મીડિયાના માધ્યમથી આયોજન થનાર છે. આ પદવીદાન સમારોહમાં માનનીય રાજ્યપાલ શ્રીમાં આચાર્ય દેવવ્રતજી અધ્યક્ષ સ્થાન શોભાવશે જ્યારે માં. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ સાથે સાથે રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા રમતગમત મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહી કુલ ૫૦૮ વિદ્યાર્થીઓને પદવી પ્રદાન કરી તેઓને આગામી વ્યવસાયિક જીવનમાં ખૂબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવશે.



કોરોના વાઈરસ કોવિડ-૧૯ અને લોકડાઉન-૪ પૂર્ણાહૂતિ સંદર્ભે નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનિષાબેન પટેલે ચિલોડા ગ્રામ પંચાયત કચેરી ખાતે મુલાકાત લીધી હતી. આ દરમિયાન કોરોના વાઈરસ સંક્રમણ અટકાવવા સોશિયલ ડિસ્ટસીંગનું પાલન કરવું ખૂબ મહત્ત્વનું છે. તેવું સૂચન કર્યું હતું. ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, તલાટી કમ મંત્રી, રાજુભાઈ ચૌધરી, પંચાયત સદસ્ય નટુભાઈ પટેલ હાજર રહ્યા હતા.

## એક ઉત્તમ વાર્તા, એ લેખકના ભૂતકાળના ગર્ભમાં જ જન્મે છે...

આપણે સહુ જાણીએ છીએ કે, એક સારું નાટક, ફિલ્મ, વાર્તા, કથા કે આત્મકથા આ બધુજ એક લેખક ની મહેનત નું પરિણામ હોય છેં. તો એજ વાત ને ધ્યાન માં રાખી "THE EARTHING GROUP" લઈને આવ્યું 'ONLINE WRITING WORKSHOP". આ વર્કશોપમાં સમગ્ર ભારત તેમજ ગુજરાતમાંથી લેખનકળામાં રસ ધરાવતા ૫૩ લોકો જોડાયા છેં. પ્રથમ દિવસે સંસ્થાના ફાઉન્ડર પ્રફુલ પંચાલ દ્વારા તમામ પાર્ટિસિપન્ટ ને એક ફોટો પરથી સ્ટોરી લખવાનો ટાસ્ક આપવામાં આવ્યો,તેમાં બધાજ પાર્ટિસિપન્ટ ખુબજ ઉત્સાહ થી જોડાઈ એકસાથે ૫૩ અલગ અલગ સ્ટોરી નું નિર્માણ કર્યું. જેમાં વિદ્યાર્થીઓ એ આકાશ, અખંડ પ્રેમ, આનંદ, એક જીવન,અર્ક, એન ઈવનિંગ ઈન કાફે બિસ્તરો....,રંગારંગ, જન્મદિવસ,તસવીર વગેરે જેવા શીર્ષક સાથે સ્ટોરી લખી.



આ વર્કશોપમાં અક્ષત દરજીના સહયોગ થી લગભગ ત્રણ દાયકા જેટલાં સમયથી લેખન કલાના ક્ષેત્રમાં પોતાની સેવા આપતાં, અને સાથે પોતાના લખાણ થી લોકોને મંત્રમુગ્ધ કરી આપતાં એક અદભુત લેખક, જેમને નવી મહાભારત સીરીયલ લખી છેં, એવા લેખક 'મિહિર ભુતા' મુંબઈથી ઓનલાઈન માધ્યમ દ્વારા રાઈટિંગ વૉર્કશોપ માં જોડાયા.

વિદ્યાર્થીઓને પોતાની લેખન કલા અને આટલા વર્ષના લેખન અનુભવ ના નિચોડ રૂપ, લખવાં માટે ઘણી બધી વાતો સમજાવી. જેમકે એક સ્ટોરી માં કોન્ફ્લિકટ, તમારી કલ્પના શક્તિ, લોકોનું સ્ટોરી જોવા સમજવાનું મધ્યવર્તીબિંદુ, ક્યુરિયોસિટી, લોકો ને સમજાય તેવું લખાણ જેવી બાબત કહી. એક કેરેક્ટર માટે લખવા માટે સ્પિરિચ્યુઅલ, સાઈકોલોજિકલ, ઈમોશનલ લેવલ જેવા મહત્વના મુદ્દાઓ ધ્યાનમાં રાખવાની વાત કરી.તમારી સ્ટોરી જોનારના ઈમોશન્સ ને ઉતેજીત કરે તેવી રીતે લખાયેલી હોવી જોઈએ. આ સાથે લેખન કળા ને ૬ અંગ માં વિભાજીત કરી સમજાવ્યા જેમાં તમારી સ્ટોરી નું રૂપ,ભેદ, પ્રમાણ, ભાવ, લાવણ્ય અને યોજના જેવા મહત્વ ના પાશા સમજાવ્યા. આ સાથે મોનોલોગ લખવાની પદ્ધત્તિ શીખવી.મોનોલોગ જોઈ ને પર્ફોર્મ કરવું સહેલું લાગે પણ જાતે મોનોલોગ લખી અને એ પર્ફોર્મ કરવાથી જે આનંદ આવે તે સમજાવતી 'મોનોલોગ લેખન સ્પર્ધાનું' આયોજન પણ કરવામાં આવ્યું. અને આ તમામ મોનોલોગ લેખન માંથી 'બેસ્ટ રાઈટર ઓફ ધ મોનોલોગ'ને પુરસ્કૃત કરવામાં આવશે.

આ વર્કશોપમાં સંસ્થાના કો- ફાઉન્ડર ચિરાગ પારેખ ટિમ મેમ્બર અક્ષત દરજી, દીપ પંચાલ, શિવમ જાની, મૈત્રી દવે, નીતિન ધનકાની, પરિધિ શેલત આચાર્ય, વત્સલ વ્યાસ અને ચિરાગ દેશાણી એ સહયોગ આપ્યો. વિદ્યાર્થીઓ એ પણ THE EARTHING GROUP અને સમગ્ર ટિમ નો આભાર માન્યો. અને આ પ્રકારના વર્કશોપ હજુ પણ આયોજિત કરો તો અમે ફરી જોડાઈસુ એવી તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છેં.



કોબા ગામે કોરોના મહામારી સામે શક્તિ વધારો કરવા માટે જિલ્લા પંચાયત ગાંધીનગરના કુડાસણ આયુર્વેદિક દવાખાનાના ડૉ. વૈશાલીબેન શાહ કોબા ગામના સરપંચ યોગેશ નાઈ તથા ગ્રામજનોના સાથસહકારથી ઘેર-ઘેર ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે વૈદિક પરંપરા મુજબ યોગાસન, પ્રાણાયામ ઘરમાં રહી કરવા માટે ગ્રામજનોને કહેવામાં આવ્યું હતું.

# દર ત્રણ માસે થતી અસ્થિ વિસર્જન સેવા હમણાં સ્થગિત

ગાંધીનગર,તા. ૧

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૯૯૬ થી પ્રતિ દર ત્રણ મહિને હરિદ્વાર ખાતે હરકી પોઢી ખાતે સેવા સૈનિકો દ્વારા થતી અસ્થિ વિસર્જન સેવા તા. ૦૭-૦૬-૨૦૨૦ ના રોજ પ્રસ્થાન થનાર હતી, જેમાં ૦૮-૦૩-૨૦૨૦ થી ૦૬-૦૬-૨૦૨૦ દરમિયાન સ્વર્ગવાસ થયેલ સૌ સ્વજનોના અસ્થિ વિસર્જન કરવા ઉદય ત્રિવેદી તથા કરસનભાઈ પરમાર જનારહતા. પરંતુ અમદાવાદ હરિદ્વાર પરિવાર દ્વારા મેઈલ બંધ હોવાથી તતા તમામ ટ્રેનોનો રદ કરેલ હોઈ તા. ૭-૦૬-૨૦૨૦ના રોજ પ્રસ્થાન થનાર સ્વજનોના અસ્થિત અનિવાર્ય સંજોગોને લક્ષમાં રાખી સ્થગિત કરવામાં આવેલ છે.

તેને આનુસંગિક પુષ્પાંજલિ તથા પ્રાર્થનાસભા પણ તા. ૦૭-૦૬-૨૦૨૦ના રોજ યોજવામાં આવનાર નથી. જેની નોંધવેલા સૌ સ્વજનોને વિનંતી છે. દહેગામ, અમદાવાદ તથા ગ્રામ્મય વિસ્તારના સહુએ નોંધ લેવી.

વાહનવ્યવહાર પૂર્વરત થશે પછી નવેસરથી અસ્તિ વિસર્જન સેવા અંગે જાણ કરવામાં આવશે. જેની નોંધ લઈ તા. ૦૭-૦૬-૨૦૨૦ ની સભા સ્થગિત ગણવા વિનંતી છે.





## નિર્મોહી અખાડા દ્વારા દર રવિવારે સવારે ખિચડી પ્રસાદ સેવા

કોરોના મહામારીના કારણે છેલ્લા બે માસથી ગાંધીનગરમાં લોકડાઉન લાગુ પડ્યું હતું જે દરમ્યાન શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદવર્ગના શ્રમજીવી પરિવારોને વિવિધ સેવાકીય સંસ્થાઓ અને જાગૃત નાગરિકો દ્વારા ભોજન સેવા પૂરી પાડવામાં આવી હતી જેના કારણે આ વિષમ પરિસ્થિતિમાં શ્રમિક વર્ગ પોતાને નિરાધાર ના સમજે અને તેનું ભારણ પોષણ ચાલતું રહે. આ સેવાકીય કાર્યોમાં શહેરના સે-૨૫ની ઈલેક્ટ્રોનિક્સ જીઆઈડીસીની પાછળ સ્થિત જોગણી માતાના મંદિરે નિર્મોહી અખાડા દ્વારા પણ અવિરત ખિચડી પ્રસાદ વિતરણની સેવા ચલાવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નિર્મોહી અખાડા દ્વારા સામાન્ય સંજોગોમાં પણ છેલ્લા ત્રણ વર્ષથી દર રવિવારે સવારે ખિચડી પ્રસાદ સેવા ચલાવાય છે. જેમાં શહેરના કેટલાક અગ્રણી નાગરિકો તેમની મૂક સેવા નિયમિત આપી રહ્યા છે જે પ્રસંશનીય છે.

## ડાયરેક્ટ ❤ સે

જિંદગીમાં...
આપણને કેટલા
ઓળખે છે એ
મહત્ત્વનું નથી...
પરંતુ શા માટે
ઓળખે છે એ
મહત્ત્વનું છે...

## જન્મદિને વધામણી



કેશરીસિંહ જી. બિહોલા
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮



નયન મધુકર
પૂર્વ પ્રમુખ, લાયન્સ કલબ ઓફ ગાંધીનગર
મો. ૯૮૯૮૩ ૩૮૧૪૧



આદિત્ય અનિલકુમાર નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫



ચંચળબેન બાબુભાઈ મેસરવાલા



મિત્રાબા યોગેન્દ્રસિંહ રાઠોડ
મો. ૮૧૦૧૭ ૧૮૭૦૭



વિપુલ રેવાભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧



વિજયસિંહ કેશાજી માજીરાણા
મો. ૯૭૩૭૨ ૪૩૨૧૦૩